# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

## યોગ સેન્ટર

### શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં D.Y.Ed. અભ્યાસક્રમ માટેના પ્રવેશ નિયમો

**૧. D.Y.Ed. પ્રવેશ માટેની લઘુત્તમ લાયકાત:**

ધોરણ (૧૦+૨) ૧૨ પાસ

**૨. D.Y.Ed. પ્રવેશ માટે મેરીટ ગુણ:**

૧. ધોરણ ૧૨ ની પરીક્ષાના મેળવેલ ટકા ગણવામાં આવશે.

૨. જો ધોરણ ૧૨ ની પરીક્ષાના મેળવેલ ગુણ સરખા હોય તો ધોરણ ૧૦ ના ગુણ ગણવા.

**૩. બેઠકોની ફાળવણી:**

ગુજરાત સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર બેઠકો ફાળવવામાં આવશે.

**૪. પ્રવેશ ફી પરત કરવા અંગે:**

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના તા.૨૨/૧૧/૨૦૨૪ ના પરિપત્ર ક્રમાંક ૨૫૯/૨૦૨૪ મુજબ યુ.જી.સી. ના તા.03/0૭/૨૦૨૪ ના પત્રાંક D.O.No.F.2-71/2022 (CPP-II) થી જાહેર કરેલ Fee Refund Policy -2023 મુજબ ફી પરત કરવામાં આવશે.

**૫. અનામત બેઠકો:**

મૂળ ગુજરાતના વતની હોય તેવા વિધાર્થી માટે રાજ્ય સરકારની પ્રવર્તમાન જોગવાઈ અનુસાર અનામત બેઠકો રાખવામાં આવી છે.

| | | |
|---|---|---|
| ૧. | અનુસુચિત જાતિના વિધાર્થીઓ (SC) | ૭% |
| ૨. | અનુસુચિત જનજાતિના વિધાર્થીઓ (ST) | ૧૫% |
| ૩. | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓ (OBC) | ૨૭% |
| ૪. | આર્થિક રીતે પછાત બિન અનામત વર્ગના વિધાર્થીઓ (EWS)। | ૧૦% |

(૧) પ્રવેશ યાદીમાં અનુસુચિત જાતિ (SC), અનુસુચિત જનજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (OBC) અને આર્થિક રીતે પછાત વર્ગ (EWS) કેટેગરીના અરજદારો જનરલ કેટેગરીમાં આવતા હશે તો તેમને જનરલ કેટેગરીમાં તેમજ SC, ST, OBC, EWS કેટેગરી પૈકી જે પસંદગીની જગ્યા ઉપર પ્રવેશ મળતો હશે તે જગ્યા ઉપર પ્રવેશ આપવામાં આવશેતેમછતાં જનરલ મેરીટ મુજબ મળતી સીટ પરનો તેમનો અધિકાર રહેશે નહી.

(૨) SC કેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહેશે તો તે બેઠકો ST કેટેગરીના અરજદારોમાંથી ભરવામાં આવશે તેમજ ST કેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહેશે તો SC કેટેગરીના અરજદારોમાંથી ભરવામાં આવશે તેમછતાં SC અને ST કેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહેશેતો GENERAL કેટેગરીના અરજદારોમાંથી ભરવામાં આવશે

(૩) અનામતનો લાભ લેવા ઈચ્છતા અરજદારોએ સક્ષમ અધિકારીએ આપેલું જાતિ નું અથવા કેટેગરીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અન્યથા તેમની અરજી GENERAL કેટેગરીની બેઠકો માટે જ ગણવામાં આવશે.

(૪) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના (OBC) અરજદારોએ સક્ષમ અધિકારીએ આપેલું OBC નું પ્રમાણપત્ર તેમજ સમૃધ્ધ વર્ગ (CREAMILAYER) માં સમાવેશ થયો નથી તેવું દર્શાવતું સક્ષમ અધિકારીનું તા.૦૧/૦૪/૨૦૨૫ અથવા તા.૦૧/૦૪/૨૦૨૩ પછીનું જેમાં આ પ્રમાણપત્ર ત્રણ વર્ષ માટે માન્ય રહેશે તેવું જણાવેલ હોવું જોઈએ કે તે પછી આપેલ પ્રમાણપત્રમાં દર્શાવેલ મુજબ તે માન્ય રહેશે તે પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અન્યથા તેમની અરજી GENERAL કેટેગરીની બેઠકો માટે જ ગણવામાં આવશે.

(૫) આર્થિક રીતે પછાત બિન અનામત વર્ગના (EWS) અરજદારોએ સક્ષમ અધિકારીએ આપેલું જાતિનું અથવા કેટેગરીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અન્યથા તેમની અરજી GENERAL કેટેગરીની બેઠકો માટે જ ગણવામાં આવશે.

**૬. સામાન્ય નિયમો:**

(૧) D.Y.Ed. નો અભ્યાસક્રમ વોકેશનલ હોઈ વિધાર્થીઓએ વિભાગમાં ફરજીયાત હાજર રહેવું..

(૨) D.Y.Ed. નો અભ્યાસક્રમ માટે દર શનિવાર અને રવિવાર તેમજ વેકેશન દરમ્યાન હાજર રહેવું પડશે.

(3) D.Y.Ed. નો વ્યવસાયી તાલીમ અભ્યાસક્રમ હોઈ તેના વિવિધ પ્રાયોગિક કાર્યો યોગ્ય રીતે કરવા માટે દર શનિવાર અને રવિવાર તેમજ વેકેશન દરમ્યાન ફરજીયાત વિભાગમાં હાજરી આપવાની રહેશે.

(Dr. Vipul Upadhyay)